જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૧/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૬૫	૧	૧૧૧૬૬	૧૭૨૯૬	૧	૧૭૨૯૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૦	૬૫	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૧૯૦	૮૩	૨૮૨૭૩	૨૯૪૦૦	૭૭	૨૯૪૭૭
કુલ		૪૪૧૨૨	૮૪	૪૪૨૦૬	૫૩૧૮૭	૭૮	૫૩૨૬૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૩	૧૩,૦૧,૦૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭૨૦	૨૭,૨૦,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવેલ ફરારી આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સા શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ હાલમાં ચાલી રહેલ નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી તેમના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ ડ્રાઈવ ચાલુ હોય જે ડ્રાઈવ તથા કોરોના વાઇરસ (કોવિડ -૧૯) અંતર્ગત નામદાર સુપ્રીમકોર્ટની ગાઈડ લાઇન મુજબ હાઇ પાવર કમિટી દ્વારા કાચા કામના આરોપીને તારીખ ૦૧/૦૪/૨૦૨૦ નારોજ વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવેલ હોય જે આરોપીને તારીખ ૩૧/૧૨/૨૦૨૦ નારોજ પરત જેલમાં હાજર થવાનું હોય પરંતુ તેઓ હાજર થયેલ ન હોય અને નામદાર કોર્ટના હુકમનું ઉલંઘન કરી સમયસર હાજર નહી થઈ ફરાર થયેલ હોય જે ફરાર આરોપીઓની તપાસ કરી શોધી કાઢવા સારૂ પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પો સ્ટે અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ બીપીનકુમાર હરગોવિનદાસ બ.નં ૮૦૦૮ તથા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા પો.કો અશોકભાઈ ભાવાનભાઈ બ.ન ૫૭૧૨ તથા અ.લો.૨ સુડાભાઈ વિરમભાઈ બ.ન ૧૨૩૧૩ તથા અ.લો.૨ લાખાભાઇ દેહાભાઈ બ.ન.૪૮૧ એ રીતેના સ્ટાફના માણસો સાથે રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન અમદાવાદ રેલ્વે પો સ્ટે ગુ.૨.ન ૨૨૦૨૦/૨૦૨૦ ધી R.P.U.P એક્ટ કલમ ૩ મુજબ ના કામે કાચાકામના આરોપી નંબર ૩૦૭૭ નાનજી ગુલાબજી ઠાકોર રહે છગનજી નો ટેકરો રાણીપ અમદાવાદ શહેર નાઓને આજરોજ તારીખ ૨૦/૦૧/૨૦૨૧ નારોજ ડીટેઇન તથા કાયદેસરની કાર્યવાહી કરી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા સારૂ કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે તારીખ ૨૦/૦૧/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

વટવા પોલીસ સ્ટેશન

મિલ્કતસબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે ગાયકવાડ પો.સ્ટે. તેમજ વટવા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કતસબંધી ગુનાઓ પૈકી (૧) ગાયકવાડ હવેલી પો. સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૩૦/૨૦૧૯ ધી ઈપીકો કલમ-૩૯૨, ૧૧૪ મુજબ તથા (૨) વટવા પો. સ્ટે. પાર્ટ-એ-ગુરનં. ૧૧૧૯૧૦૩૮૨૧૦૦૯૩/૨૦૨૧ ધી ઈપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાનો આરોપી નઈમમોહમદ ઉર્ફ મોનુ સ/ઓ નજીરમોહમદ જાતે-શેખ ઉવ.૨૬ રહે- મ.નં.એ/૧, રમજાન પાર્ક, ભાડાના મકાનમાં, ખ્વાજાનગર ચાર રસ્તાની બાજુમાં, કેનાલ રોડ, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૯૫/૨૦૨૧ તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ જિલ્લા જેલ ભાવનગર ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે જિલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નરોડા પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૨૨૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯એ(૩), ૧૧૪ મુજબ તથા (૨) બાપુનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૦૧૦૬૧/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનો દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૯૮/૨૦૨૧ તા-૧૯/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૯/૦૧/૨૦૨૧ ના કલાક-૨૩/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જુનાગઢ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૯/૦૧/૨૦૨૧

આરોપીનુ નામ -

સુરેશ ઉર્ફે છોટુ દેવરાજભાઇ મકેશ્વર ઉ.વ.૨૦ રહેવાસી-કુબેરનગર, જી વોર્ડ ગુરુદ્વારા પાછળ, ગંગાનગર ભરવાડવાસ, કુબેરનગર, સરદારનગર અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



શહેરકોટડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપી વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે શરીર સબંધી ગુનામાં સંકળાયેલ આરોપી નામે અંકીત સ/ઓ વિનોદભાઇ રાજેન્દ્રસિંહ પરીહાર (પઢીયાર)ઉ.વ.૨૫ રહે.જાલમપુરીની ચાલી લાઇન નં-૨ સરસપુર અમદાવાદ શહેર નાને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૯૯/૨૦૨૧ તા.૧૯.૦૧.૨૦૨૧ આધારે પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ, પાલારા ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે.તા.૧૯.૦૧.૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૩૭૦ લીટર દેશી દારૂ, ૮૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૩૨/૨૦૨૧**

નરોડાઃ હરીશભાઇ હિરાભાઇ પરમાર (રહે. પાર્થે ટેનામેન્ટ કુશ ઇન્ટરસીટીની બાજુમાં નરોડા) એ તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૦ સાજના ૬/૦૦ થી તા.૧૯/૦૧/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન/ દોરો ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૩૩/૨૦૨૧**

અમરાઇવાડીઃ ચન્દ્રીકાબહેન વા/ઓ પ્રકાશચન્દ્ર રાઠોડ (ઉ.વ.૬૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ સ્ટાર ગૃપ ટયુશનની બાજુમાં અમરાઇવાડી) તા.૧૮/૦૧/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકના ઓટલા પર બેઠા હતા ત્યારે સફેદ રંગની એક્ટીવા નંબર જીજે ૦૧ એનપી ૧૩૧૫ ઉપર આવેલ બે પુરૂષ ચન્દ્રીકાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચન્દ્રીકાબહેન રાઠોડે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

ઈસનપુરઃ રીટાબહેન વા/ઓ ગીરીશકુમાર પટેલ (ઉ.વ.૬૫) (રહે. જનપથ સોસાયટી ઘોડાસર કેનાલ ગાર્ડન રોડ ઇસનપુર) તા.૧૮/૦૧/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર જનપથ સોસાયટી નાકે રિક્ષામાંથી ઉતરી રિક્ષા ભાડુ આપતા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ રીટાબહેનના ગળામાંથી સોનાની માળા કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રીટાબહેન પટેલે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૪/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ કાન્તીભાઈ મોહનભાઈ તડવી (ઉ.વ.૫૦) (રહે.નવુ પરૂ રેવતીપુર ગામ-જેતલપુર તા-દસ્ક્રોઈ અમદાવાદ) તા.૧૮/૦૧/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે અલગારી ફાર્મ માંડવરાયજી રાઈસ મીલ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૦૭ એએમ ૪૩૦૬ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાન્તીભાઈના મોટર સાયકલને ટક્કર મારતા કાન્તીભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કાન્તીભાઈના પુત્ર કરણ તડવીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૫/૨૦૨૧**

ખોખરાઃ દિપાલીબહેન વા/ઓ વિનોદભાઇ પાટીલ (ઉ.વ.૨૬) (રહે. વૈકુંઠધામ સોસાયટી ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૧/૨૦૨૧ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમ પાસે લોખંડની સીડી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "આઈ" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી